### યુરિયાનો કારમો દુકાળ | એપીએમસી ડેપો પર ખેડૂતોના ધામા છતાં ખાતર ન મળતાં રોષ

# દાહોદમાં ખાતર માટે ખેડૂતોની 'રાતવાસો' કતારો, ધરતીપુત્રોમાં આક્રોશની જ્વાળા

**બે-ત્રણ દિવસના** 'ધરમધક્કા' બાદ પણ ખાતર ન મળતા પાક નિષ્ફળ જવાની ભીતિ



(પ્રતિનિધિ) દાહોદ તા.૧૪

દાહોદ જિલ્લામાં ચોમાસાની વાવણી બાદ હવે જ્યારે પાકને અમૃત સમાન યુરિયા ખાતરની સૌથી વધુ જરૂર છે, ત્યારે જ તંત્રની ઘોર બેદરકારીને કારણે ખાતરની ભારે અછત સર્જાઈ છે. દાહોદ માર્કેટ (એપીએમસી) ખાતે આવેલા ખાતર ડેપો પર યુરિયા મેળવવા માટે ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે.

દાહોદમાં સ્થિતિ એટલી હદે વણસી છે કે, ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા ખેડૂતો મોડી રાતથી જ લાઈનો લગાવીને બેસી જાય છે, છતાં દિવસના અંતે તેમને ખાલી હાથે પરત ફરવું પડે છે. તંત્રની નિષ્ફળતા: ખેડૂત લાઈનમાં અને ખાતર ક્યાં? સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, છેલ્લા બે થી ત્રણ દિવસથી તેઓ સતત ધક્કા ખાઈ રહ્યા છે. કલાકો સુધી ભૂખ્યા-તરસ્યા કતારોમાં ઊભા રહેવા છતાં પૂરતા પ્રમાણમાં ખાતર મળતું નથી.

ખેડૂતોમાં એવી દહેશત વ્યાપી છે કે જો સમયસર યુરિયા નહીં મળે તો ખેતરમાં લહેરાતો પાક નિષ્ફળ જશે અને આખા વર્ષની મહેનત માથે પડશે. હાલમાં ખેડૂતોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ અને અસંતોષની લાગણી જોવા મળી રહી છે.

**ખેડૂતોની પાયાની માગણીઓ**

- » પુરવઠામાં નિયમિતતા: પાકની જરૂરિયાત મુજબ સમયસર અને પૂરતો યુરિયાનો જથ્થો ફાળવવામાં આવે.
- » વિતરણ વ્યવસ્થામાં સુધારો: કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેવું ન પડે તે માટે ડેપો પર ઝડપી અને પારદર્શક વ્યવસ્થા ગોઠવાય.
- » કડક વિજિલન્સ: ખાતરની કોઈ કૃત્રિમ અછત ઊભી ન કરે તે માટે તંત્ર દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવે.

### શિનોર ખાતે 'હર ઘર તિરંગા' અભિયાન હેઠળ ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ



આઝાદીના અમૃત મહોત્સવ અને 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અન્વયે શિનોર ગ્રામ પંચાયત તથા જિલ્લા ભાજપાના સહયોગથી નગરમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં જિલ્લા ભાજપા કોષાઅધ્યક્ષ સચિન પટેલ, મહિલા મોરચા પ્રમુખ હીનાબેન મોંઢ, વિવિધ પદાધિકારીઓ, પોલીસ સ્ટાફ અને શાળાના વિદ્યાર્થીઓ દેશપ્રેમ સાથે જોડાયા હતા. ડીજેના તાલે અને દેશભક્તિના ગીતો સાથે નીકળેલી આ રેલી ગ્રામ પંચાયતથી શરૂ થઈ મુખ્ય બજાર અને વિવિધ વિસ્તારોમાં ફરી હતી, જેનાથી સમગ્ર શિનોરમાં રાષ્ટ્રભક્તિનો માહોલ છવાયો હતો. નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન અને ગર્વની ભાવના જાગૃત કરવાના મુખ્ય હેતુ સાથે યોજાયેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉત્સાહભેર સહભાગી થયા હતા.

# દેલોલની બેંકમાંથી ધોળે દાડે ૧.૬૦ લાખની ચોરી

**કેશ કાઉન્ટરની** લાઈનમાં ઉભેલા ખેડૂતની થેલી કાપી

(પ્રતિનિધિ) કાલોલ તા.૧૪

કાલોલ તાલુકાના દેલોલ ગામમાં આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં ગત ૩૦ જુલાઈના રોજ એક ચોંકાવનારી ચોરીની ઘટના બની હતી. બેંકમાં નાણાં જમા કરાવવા માટે લાઈનમાં ઉભેલા એક ખેડૂતની નજર ચૂકવી અજાણ્યો શખ્સ રૂ. ૧,૬૦,૦૦૦ ભરેલી થેલી કાપીને ફરાર થઈ ગયો હતો.

દેલોલના ઝાખરીપુરા (માનાવાળુ ફળિયુ) ખાતે રહેતા અને ખેતી-પશુપાલન સાથે સંકળાયેલા જયદીપસિંહ બળવંતસિંહ રાઠોડ (ઉ.વ. ૩૮) ગત ૩૦/૦૭/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૧૫ વાગ્યાના સુમારે બેંકમાં ગયા હતા. તેઓ પોતાની બાજરીના પાકના અને દૂધના પગારના કુલ રૂ. ૧,૬૦,૦૦૦ એક કાપડની થેલીમાં લઈને કેશ કાઉન્ટર પર લાઈનમાં ઉભા હતા.

આ દરમિયાન, કોઈ અજાણ્યા શખ્સે ધારદાર હથિયાર વડે તેમની થેલી કાપી તમામ રોકડ રકમ સેરવી લીધી હતી. ચોરીની જાણ થતા જયદીપસિંહે બેંક પરિસરમાં તપાસ કરી હતી, પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો. જોકે, બેંકના સીસીટીવી ફૂટેજમાં એક નાનકડું બાળક તેમની નજીક આવતું દેખાય છે, જેના ફૂટેજ હાલ સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયા છે.

આ અંગે કાલોલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### બોડેલી તાલુકાના અધિકારીઓએ વિકાસ કામોની સમીક્ષા કરી

# ચાપરગોટા ગામ ચોમાસામાં સંપર્ક વિહોણું બનતાં પુલ બનાવવા માંગ

**બોડેલીના ચાપરગોટા** અને ટીંબી ગામની ડીડીઓએ મુલાકાત લીધી



(પ્રતિનિધિ) બોડેલી તા.૧૪

બોડેલી તાલુકાના ચાપરગોટા અને ટીંબી ગામની છોટાઉદેપુર જિલ્લા વિકાસ અધિકારી સચીન કુમાર સહિતના ઉચ્ચ અધિકારીઓના કાફલાએ ઓચિંતી મુલાકાત લેતા વહીવટી તંત્રમાં ગરમાવો જોવા મળ્યો હતો. આ મુલાકાત દરમિયાન અધિકારીઓએ આરોગ્ય, આંગણવાડી, રસ્તા, પાણી અને સ્વચ્છતા સહિતના વિકાસલક્ષી કામોની સમીક્ષા કરી ગ્રામજનો સાથે ચર્ચા કરી હતી.

બોડેલી ચાપરગોટાના ગ્રામજનોએ રજૂઆત કરી હતી કે પ્રવેશ માર્ગ પરના કોતર પર પાણી ફરી વળતા ચોમાસામાં ગામ સંપર્ક વિહોણું બની જાય છે, જેના કાયમી ઉકેલ માટે લો-લેવલ પુલ અનિવાર્ય છે. બીજી તરફ, ટીંબી ગામના લોકોએ ટીંબી અને જીવનપુરા વચ્ચે મેરીયા નદી પર પુલની માંગ કરી છે. પુલના અભાવે ચોમાસામાં અંદાજે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ખેડૂતોને ૨૦ કિલોમીટરનો લાંબો ફેરો ફરવો પડે છે.

આ ઉપરાંત ગ્રામજનોએ મોબાઈલ નેટવર્ક, વીજળીની અનિયમિતતા અને ગટર લાઈન જેવા પડતર પ્રશ્નો પણ અધિકારીઓ સમક્ષ રજૂ કર્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીએ તમામ પ્રશ્નો સાંભળીને તેનો વહેલી તકે યોગ્ય ઉકેલ લાવવાની ખાતરી આપી હતી. અધિકારીઓની આ મુલાકાતથી હવે ગામના વિકાસને નવો વેગ મળશે તેવી આશા ગ્રામજનો રાખી રહ્યા છે.

# સેવનિયામાં વિદેશી દારૂ ભરેલી બોલેરો ઝડપાઈ

**કુલ ૮.૯૦ લાખનો** મુદ્દામાલ જપ્ત; ગાડીના ચાલકની અટકાયત

(પ્રતિનિધિ) દાહોદ તા.૧૪

દેવગઢ બારીયા તાલુકાના સેવનિયા ગામે એસટી સ્ટેન્ડ પાસે સાગટાળા પોલીસે ઓચિંતી રેડ પાડી વિદેશી દારૂના મોટા જથ્થા સાથે એક બોલેરો ગાડી ઝડપી પાડી છે.

સાગટાળા પોલીસને પ્રોહિબિશન અંગે મળેલી ચોક્કસ બાતમીના આધારે ગઈકાલે સેવનિયા ગામના રોડ પર બોલેરો ગાડી રોકી તેની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૬૭ પેટી (કુલ ૨૭૮૪ બોટલ) મળી આવી હતી, જેની કિંમત રૂપિયા ૪.૩૫ લાખ આંકવામાં આવી છે. પોલીસે ગાડીના ચાલક અક્ષયકુમાર બાબુલાલ રાઠવા (રહે. રૂપારેલ, તા. દેવગઢ બારીયા) ની અટકાયત કરી છે. આ ઉપરાંત, ૪.૫૦ લાખની બોલેરો ગાડી અને મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો છે.

આ અંગે ચાલક ઉપરાંત ગાડીના માલિક સુરેશ કાળુભાઈ રાઠવા (રહે. સિંગળાજા), પાયલટિંગ કરનારો સુરેશ ભાવસિંગ સુથાર (રહે. નાડાતોડ), અને દારૂ મંગાવનારો કંદાભાઈ અશ્વિનભાઈ રાઠવા (રહે. મીઠીબોર) તથા કાળુ રતનભાઈ વડળ (રહે. ફુલપુરા) વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. હાલ પોલીસ બાકીના ચાર આરોપીઓની ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# બોડેલીનું પુસ્તકાલય વિદ્યાર્થીની કારકિર્દી માટે મહત્વનું કેન્દ્ર બન્યું

**સેવા સદન સ્થિત** લાયબ્રેરીમાં પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓનો ધસારો



(પ્રતિનિધિ) બોડેલી તા.૧૪

બોડેલી તાલુકાના સેવા સદન ખાતે કાર્યરત તાલુકા પુસ્તકાલય હાલના સમયમાં જ્ઞાનપિપાસુઓ અને વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. આ પુસ્તકાલય માત્ર પુસ્તકોનો સંગ્રહસ્થાન જ નહીં, પરંતુ નવી પેઢીના સપનાઓને સાકાર કરવાનું એક જીવંત માધ્યમ બની રહ્યું છે.

વિશેષ વિગતો મુજબ, આ પુસ્તકાલયમાં ઈતિહાસ અને ભૂગોળ જેવા પાયાના વિષયોથી લઈને વિવિધ શૈક્ષણિક અભ્યાસક્રમોના પુસ્તકોનો વિપુલ ભંડાર ઉપલબ્ધ છે. ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓ પોતાની પરીક્ષાઓની સઘન તૈયારીઓ માટે આ લાયબ્રેરીનો આશરો લઈ રહ્યા છે. શૈક્ષણિક પુસ્તકો ઉપરાંત, નગરજનો અને સાહિત્યપ્રેમીઓ માટે સામાન્ય જ્ઞાન અને વિવિધ સાહિત્યિક વિષયોના પુસ્તકો પણ અહીં ઉપલબ્ધ છે, જે લોકોમાં વાંચન પ્રત્યેની રુચિ જગાડવામાં મદદરૂપ થઈ રહ્યા છે. પુસ્તકાલયની સૌથી મોટી વિશેષતા તેનું શાંત અને પ્રેરણાદાયી વાતાવરણ છે, જે વિદ્યાર્થીઓને એકાગ્રતા સાથે લાંબો સમય અભ્યાસ કરવામાં અનુકૂળતા પૂરી પાડે છે. સ્થાનિકોના મતે, આ પુસ્તકાલય વિસ્તારમાં જ્ઞાનપ્રાપ્તિ અને વાંચન સંસ્કૃતિને વિકસાવવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરું પાડી રહ્યું છે.

# પોલીસ કોન્સ્ટેબલે પાંચ કાર બારોબાર વેચી મારી

(પ્રતિનિધિ) દાહોદ તા.૧૪

દાહોદ જિલ્લાના ધાનપુર પોલીસ મથકમાં ફરજ બજાવતા એક કોન્સ્ટેબલ સહિત ત્રણ શખ્સોની ટોળકીએ પોલીસની ઓળખનો દુરુપયોગ કરી અમદાવાદની કાર રેન્ટલ એજન્સી સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો સનસનીખેજ ખુલાસો થયો છે.

ધાનપુરના કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ સોલંકીએ ફેબ્રુઆરી ૨૦૨૬માં અમદાવાદની 'ગો વિથ ઝુપ સર્વિસ પ્રા. લિ.' એજન્સીનો સંપર્ક કર્યો હતો. પોતાની પોલીસ ઓળખ અને વર્દીનો ફોટો બતાવી, તપાસના બહાને તેણે એજન્સીનો વિશ્વાસ કેળવ્યો હતો. શરૂઆતમાં એક ફોર્ચ્યુનર કાર ભાડે લઈ સમયસર ભાડું ચૂકવ્યા બાદ, તેણે ફોર્ચ્યુનર, થાર, બે સ્કોર્પિયો અને સ્વિફ્ટ મળી કુલ પાંચ વાહનો ભાડે મેળવ્યા હતા. ભાડાની મુદત પૂરી થવા છતાં ગાડીઓ પરત ન આવતા અને વાહનોના GPS બંધ જણાતા એજન્સીને શંકા ગઈ હતી. દરમિયાન ૧૩ ઓગસ્ટના રોજ એજન્સી માલિકને કપડવંજથી એક ફોન આવ્યો હતો, જેમાં ફોન કરનારે જણાવ્યું કે જીતેન્દ્રસિંહે આ ફોર્ચ્યુનર તેને ૧૦ લાખમાં વેચી દીધી છે. આ ઘટસ્ફોટથી એજન્સી સંચાલક સ્તબ્ધ થઈ ગયા હતા. આ સમગ્ર કૌભાંડમાં કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહની સાથે રુદ્રપાલસિંહ સોલંકી અને રાજ ભરવાડ નામના સાથીદારો પણ સામેલ હોવાનું બહાર આવ્યું છે. આ ટોળકીએ એજન્સીને અંદાજે ૪૨ લાખ રૂપિયાથી વધુનું આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. હાલમાં દાહોદ એ ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

### વૈષ્ણવ સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપ્યું

# કાલોલમાં પાણીના સંપમાંથી પશુના હાડકાં મળતા ભારે રોષ

**ધાર્મિક લાગણી** દુભાતા જવાબદાર અધિકારીઓને પદ પરથી દૂર કરવા માંગ

(પ્રતિનિધિ) કાલોલ તા.૧૪

કાલોલ નગરપાલિકા દ્વારા વિતરણ કરવામાં આવતા પાણીના સંપમાંથી મૃત પશુઓના હાડકાં અને હાડપિંજર મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ગંભીર બેદરકારીને કારણે હિન્દુ સમાજની ધાર્મિક લાગણી દુભાતા 'સમસ્ત વૈષ્ણવ સમાજ' દ્વારા નાયબ મામલતદારને આવેદનપત્ર પાઠવી જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

કાલોલના વોર્ડ નંબર 2, 3, 6 અને 7 માં પાણી પૂરું પાડતી દીવાનની વાડી ખાતેની ટાંકીના સંપની ગત 11 ઓગસ્ટના રોજ સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ દરમિયાન કચરાની સાથે મૃત પશુઓના હાડકાં મળી આવ્યા હોવા છતાં, સફાઈ અધૂરી રાખીને જ પાણીનું વિતરણ ફરી શરૂ કરી દેવામાં આવ્યું હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. વધુમાં, 12 ઓગસ્ટના રોજ સફાઈ દરમિયાન નીકળેલા હાડકાંને સંપની આસપાસ જ દાટી દેવામાં આવ્યા હતા.

સ્થાનિક નાગરિકોના જણાવ્યા મુજબ, આ અતિ દૂષિત પાણીનો ઉપયોગ ઈષ્ટદેવની પૂજા-અર્ચનામાં પણ થયો હોવાથી શ્રદ્ધાળુઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વૈષ્ણવ સમાજ દ્વારા મુખ્યમંત્રી અને કલેક્ટર સહિતના વિભાગોને રજૂઆત કરી માંગ કરી હતી કે, ચીફ ઓફિસર અને જવાબદાર કર્મચારીઓ સામે કડક પગલાં ભરી તેમને પદ પરથી દૂર કરવામાં આવે. પાણીના સંપ પર તાત્કાલિક ડોમ (ઢાંકણું) અને સુરક્ષા માટે ઊંચી દીવાલ બનાવવામાં આવે.

બીજી તરફ, પાણી પુરવઠા અધ્યક્ષ કમલેશભાઈ પંચાલે જણાવ્યું છે કે જ્યાં સુધી સંપનું ઢાંકણ તૈયાર ન થાય ત્યાં સુધી નાગરિકોને ડાયરેક્ટ ટાંકીમાંથી પાણીનું વિતરણ કરવામાં આવશે.

# લીમખેડામાં દારૂ હેરાફેરી કેસમાં આરોપીને ૨ વર્ષ કેદ

**બિયરની** બોટલો સાથે નાના માળના શખ્સ પકડાયો હતો

(પ્રતિનિધિ) લીમખેડા તા.૧૪

લીમખેડાની અદાલતે દારૂની ગેરકાયદેસર હેરાફેરી સામે કડક સંદેશો આપતા એક મહત્વપૂર્ણ ચુકાદો જાહેર કર્યો છે. ૨૦૨૫ના પ્રોહિબિશનના કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદની સજા ફટકારવાની સાથે ગુનામાં વપરાયેલું મોટરસાયકલ સરકાર હસ્તક જપ્ત (ખાલસા) કરવાનો આદેશ આપ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ૨જી માર્ચ ૨૦૨૫ના રોજ લીમખેડા તાલુકાના નાના માળ ગામના રહેવાસી પંકજભાઈ હરજીભાઈ પોતાની મોટરસાયકલ પર ૪,૬૮૦ની કિંમતની ૩૬ બિયરની બોટલો સાથે ઝડપાઈ ગયા હતા. આ મામલે લીમખેડા પોલીસ સ્ટેશનમાં ગુજરાત પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ કે.બી. ગોસાઈ દ્વારા ધારદાર દલીલો અને પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ દ્વારા પુરાવાઓને ગ્રાહ્ય રાખી આરોપીને તકસીરવાન ઠેરવ્યો હતો અને આરોપીને ૨ વર્ષની સાદી કેદ અને ૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો તેણે વધુ ૩ માસની જેલ ભોગવવી પડશે. આ ઉપરાંત, દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી બાઈકને પણ ખાલસા કરવાનો આદેશ કોર્ટે આપ્યો છે.

### કરણજણમાં પાંચ વર્ષ પહેલા 32 કરોડના ખર્ચે થયેલું રસ્તાનું મજબૂતીકરણ ધોવાયું

# પાલેજથી નારેશ્વર માર્ગ પર ઠેર-ઠેર ઘૂંટણસમા ખાડાથી 'મોતનો રસ્તો' બન્યો

**નર્મદાની રેતીના** ઓવરલોડેડ ડમ્પરોએ માર્ગની દશા બગાડી



(પ્રતિનિધિ) કરજણ તા.૧૪

કરજણ તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ નારેશ્વરને જોડતો પાલેજ-નારેશ્વર માર્ગ આજે વાહનચાલકો માટે નરક સમાન બની ગયો છે. વર્ષ 2018-19માં અંદાજે 32 કરોડ રૂપિયાના માતબર ખર્ચે જે માર્ગનું મજબૂતીકરણ કરવામાં આવ્યું હતું, તે આજે ઠેર-ઠેર ઘૂંટણસમા ખાડાઓને કારણે અસ્તિત્વ ગુમાવી રહ્યો છે.

આ માર્ગની દુર્દશા માટે મુખ્યત્વે નર્મદા નદીમાં ચાલતી રેતીની લીઝો જવાબદાર ગણાઈ રહી છે. દરરોજ પસાર થતા હજારો ભારે ડમ્પરોને કારણે માર્ગ પર મસમોટા ખાડા અને ઊંડા ચીલા પડી ગયા છે. હાલ ચોમાસાની ઋતુમાં આ ખાડાઓ પાણી અને કાદવથી ભરાઈ જતા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ચલાવવું અત્યંત જોખમી બન્યું છે.

સ્થાનિક સાસરોદ, સારિંગ, ઓજ, પાછીયાપુરા જેવા અનેક ગામોના લોકો અને શ્રદ્ધાળુઓ આ માર્ગનો ઉપયોગ કરે છે, પરંતુ તંત્રની ઘોર બેદરકારીને કારણે તેમને હાલાકી ભોગવવી પડી રહી છે. ચોમાસા પૂર્વે રજૂઆત કરવા છતાં તંત્રએ આંખ આડા કાન કર્યા હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે. હાલમાં રેતીની લીઝો બંધ હોવા છતાં સ્ટોક પરથી ભરાતી ગાડીઓ માર્ગને વધુ નુકસાન કરી રહી છે.

બિસ્માર રસ્તાને કારણે એમ્બ્યુલન્સ જેવા ઈમરજન્સી વાહનો પસાર થવામાં પણ ભારે મુશ્કેલી સર્જાય છે, જે દર્દીઓ માટે જીવલેણ સાબિત થઈ શકે છે. કોઈ મોટી દુર્ઘટના ઘટે તે પહેલા આ માર્ગનું તાત્કાલિક સમારકામ કરવા માગ ઉઠી છે.

# કાલોલના અડાદરામાં જુગારનો અડ્ડો પકડાયો

(પ્રતિનિધિ) કાલોલ તા.૧૪

કાલોલ તાલુકાના અડાદરા ગામે ખુલ્લા ખેતરમાં જુગાર રમી રહેલા પાંચ ઈસમોને વેજલપુર પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યા છે. આ દરોડામાં પોલીસે એક સગીર સહિત કુલ પાંચ વ્યક્તિની અટકાયત કરી હતી.

વેજલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે અડાદરા ગામે રૂપલ હોસ્પિટલ પાસે આવેલા એક ખુલ્લા ખેતરમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે રાત્રિના સમયે રેડ પાડી હતી, જ્યાં આરોપીઓ મોબાઈલની ફ્લેશ લાઈટના અજવાળે પાના-પત્તાનો હાર-જીતનો જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

આ દરોડામાં પોલીસે ઘટનાસ્થળેથી દાવ પરના રોકડા રૂ. ૫,૨૭૦, અંગ ઝડતીમાંથી મળેલ રોકડા રૂ. ૬,૪૭૦, રૂ. ૨૨,૮૦૦ની કિંમતના ૪ નંગ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન અને જુગારનું સાહિત્ય મળી કુલ રૂ. ૩૪,૮૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ અંગે પકડાયેલા શખસોની પૂછપરછ કરતાં તે પ્રવિણસિંહ ગોવિંદસિંહ જાદવ (ઉં.વ. ૨૨), પર્વતસિંહ બળવંતસિંહ જાદવ (ઉં.વ. ૩૯), રમેશસિંહ અર્જુનસિંહ પરમાર (ઉં.વ. ૩૨), રાજકુમાર પ્રવિણસિંહ શીંગલીયા (ઉં.વ. ૨૬) અને એક કિશોર હતો. આ તમામ શખ્સો અડાદરા ગામના જ રહેવાસી છે. વેજલપુર પોલીસે આ તમામ ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.